વિધાસાધના યોજના હેઠળ ધોરણ-૮ માં અભ્યાસ કરતી અ.જ.જાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવા બાબતની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારો ઠરાવ ક્રમાંક : અનશ/૦૦૬/ન.બા.૨૧/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 4 JUN 2007

**વંચાણે લીધા :-**

૧. આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૦૬/ન.બા.૨૧/ગ,તાઃ૩૦/૩/૨૦૦૭
૨. સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ )વિભાગને ઠરાવ ક્રમાંકઃપીએમએસ/૧૦૯૮/સાયકલ/૩૦૯/૨૫/૨/૨૦૦૪
૩. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તાઃ૨૬/૪/૨૦૦૭નો પત્ર ક્રઃ આ.વિ/શિક્ષણ/૧/૨૦૦૭-૦૮/૪૫૮

**ઠ રા વ :-**

વિધાસાધના યોજના હેઠળ માધ્યમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી અ.જ.જાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવા બાબતની રૂા.૭૦.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં સમાવિષ્ટ બાબતને વંચાણે ક્રમાંક(૧) ના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેની શરતોમાં કમિશનરશ્રી આદિજાતિ વિકાસના તાઃ૨૬/૪/૦૭ના પત્રની વંચાણ ક્રમાંકઃ (૩) ની દરખાસ્ત અન્વયે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. શરત નં(૪) રદ કરી તેની જગાએ નીચે મુજબ શરત રાખવામાં આવે છે. " હાલ પોતાના રહેઠાણથી અન્ય ગામ /પરામાં ૨.૫ કિ.મી ના અંતરેથી તેમજ શહેરી વિસ્તારમાં ૩ કિ.મી.ના અંતરે આવેલ માધ્યમિકશાળામાં અવર જવર કરતી ધોરણ-૮માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને સાયકલ ખરીદવા સાયકલ સહાય રૂા.૧૫૦૦/- થી વધારી રૂા.૨૦૦૦/- કરવામાં આવે છે."

શરત નં(૬) યોજનામાં લાગુ પડતી ન હોઇ રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.